EDII

NavGujarat Samay

August 05, 2023
Page No. 04

## EDIIના દિક્ષાંત સમારોહમાં 54 વિદ્યાર્થીને ડિપ્લોમા અને ફેલો એનાયત કરાયા

# દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે: તમિળનાડુના રાજ્યપાલ



નવગુજરાત સમય > અમદાવાદ

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)નો 22મો દિક્ષાંત સમારોહ શુક્રવારે યોજાયો હતો. જેમાં 54 વિદ્યાર્થીને ડિપ્લોમા અને ફેલો પદવી એનાયત કરાઈ હતી. મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલા તમિળનાડુના રાજ્યપાલ આરએન રવિએ જણાવ્યું હતું કે, દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે.

EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ રાજ્યપાલ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે શિક્ષણ, સંશોધન, તાલીમ, એમએસએમઈ, ઈનોવેશન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે 40 વર્ષ દરમિયાન EDIIના કાર્યની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ આરએન રવિએ ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતા જણાવ્યુ હતું કે, "તમે એવાં સમયે ગ્રેજ્યુએટ થઈ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે. આથી તમારા ભાગ્યને અજમાવો અને આગળ વધો. આજે ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ભારત મજબૂત વિકાસના માર્ગ ઉપર અગ્રેસર છે અને તમે બધાં આ અનોખા ભારતનો હિસ્સો બનો તથા બદલાવનું નેતૃત્વ કરો."

EDIIઈના પ્રેસિડેન્ટ તથા IDBI બેંક લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાકેશ શર્માએ પ્રેસિડેન્શિયલ વક્તવ્ય આપ્યું હતું. દિક્ષાંત સમારોહમાં મેરીટોરીયસ એવોર્ડની સાથે એક બિઝનેસ આંત્રપ્રિન્યોર અને એક સોશિયલ આંત્રપ્રિન્યોરને પ્રેસિડેન્ટ એલ્યુમની એવોર્ડ્સ પણ એનાયત કરાયા હતાં.